Extra No. 187

©

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII ] WEDNESDAY, JULY 19, 2017/ASADHA 28, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જુલાઈ, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ : ૨૯મી ઓક્ટોબર, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬નો ૧૯૭/એમઆઈએસ-૧૦૨૦૧૬-૩૨૮૧૪૫-એલ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે.એમ.લાલા,
સરકારના સચિવ.



Scanned by CamScanner

## Notification

*Regarding*

**The Gujarat Real Estate (Regulation and Development) (Matters Relating to the Gujarat Real Estate Appellate Tribunal) Rules, 2016.**

**ગુજરાત સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) (ગુજરાત સ્થાવર મિલકત અપીલ ટ્રિબ્યુનલને લગતી બાબતો) નિયમો, ૨૦૧૬ સંબંધી**

**જાહેરનામું.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,**

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૯મી ઓક્ટોબર, ૨૦૧૬.

**સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૨૦૧૬.**

**ક્રમાંકઃ જીએચ / વી / ૨૦૧૬નો ૧૯૭ / એમઆઈએસ - ૧૦૨૦૧૬ - ૩૨૮૧૪૫ - એલઃ-** સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૨૦૧૬ (સન ૨૦૧૬ના ૧૬મા)ની કલમ ૮૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છેઃ-

**૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.-**

(૧) આ નિયમો 'ગુજરાત સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) (ગુજરાત સ્થાવર મિલકત અપીલ ટ્રિબ્યુનલને લગતી બાબતો) નિયમો, ૨૦૧૬' કહેવાશે.

(૨) તે આ જાહેરનામાની તારીખથી અમલમાં આવશે.

**૨. વ્યાખ્યા.-**

(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''અધિનિયમ'' એટલે સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૨૦૧૬ (સન ૨૦૧૬નો ૧૬મો);

(ખ) ''એનેક્ષર'' એટલે આ નિયમો સાથે જોડેલું એનેક્ષર;

(ગ) ''પ્રમાણિત નકલ'' એટલે આ નિયમો હેઠળ કોઈ વ્યક્તિએ પૂરી પાડવી જરૂરી હોય તેવી કોઈ દસ્તાવેજની સ્વ-પ્રમાણિત નકલ;

(ઘ) ''સત્તામંડળ'' એટલે અધિનિયમની કલમ ૨-ના ખંડ (૧)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું સ્થાવર મિલકત નિયમનકારી સત્તામંડળ;

(ચ) ''નમૂનો'' એટલે આ નિયમો સાથે જોડલો નમૂનો;

(છ) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(જ) ''કલમ'' એટલે અધિનિયમની કલમ; અને

(ઝ) ''અપીલ ટ્રિબ્યુનલ'' એટલે અધિનિયમની કલમ ૪૩ હેઠળ સ્થપાયેલી ગુજરાત સ્થાવર મિલકત અપીલ ટ્રિબ્યુનલ.

(૨) અહીં વાપરેલા અને વ્યાખ્યાયિત ન કરેલા, પણ અધિનિયમમાં વ્યાખ્યાયિત કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો, અધિનિયમમાં અનુક્રમે તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થશે.

Scanned by CamScanner

૩. **અપીલ દાખલ કરવાનો નમૂનો અને ચૂકવવાપાત્ર ફી બાબત.-**

(૧) કલમ ૪૪ની પેટા-કલમ (૧) હેઠળ દાખલ કરેલી દરેક અપીલની સાથે, અપીલ ટ્રિબ્યુનલની તરફેણમાં કાઢેલા રાષ્ટ્રીયકૃત બેંકના ડિમાન્ડ ડ્રાફ્ટના સ્વરૂપે એક હજાર રૂપિયાની ફી હોવી જોઈશે અને તે ફી સદરહુ અપીલ ટ્રિબ્યુનલ જ્યાં આવેલી હોય તે સ્થળ ખાતેની તે બેંકની મુખ્ય શાખામાં ચૂકવવી જોઈશે.

(૨) દરેક અપીલ, નીચે જણાવેલા દસ્તાવેજો સહિત, નમૂના 'ક'માં દાખલ કરવી જોઈશેઃ

(ક) જે હુકમ વિરુદ્ધ અપીલ દાખલ કરવામાં આવી હોય તે હુકમની પ્રમાણિત કરેલી ખરી નકલ;

(ખ) અપીલ કરનારે જે દસ્તાવેજો પર આધાર રાખેલ હોય અને અપીલમાં જેનો સંદર્ભ આપવામાં આવેલ હોય તે દસ્તાવેજોની નકલો;

(ગ) દસ્તાવેજોની સૂચિ.

(૩) અપીલ દાખલ કરવા માટેની કાર્યરીતિ અપીલ ટ્રિબ્યુનલ દ્વારા નક્કી કરવામાં આવે તેવી રહેશે.

૪. **અપીલ ટ્રિબ્યુનલના સભ્યોની પસંદગીની રીત.-**

(૧) અપીલ ટ્રિબ્યુનલમાં સભ્યની ખાલી જગા હોય અથવા ઊભી થાય અથવા ઊભી થવાની સંભાવના હોય, ત્યારે અને તે પ્રમાણે, સરકાર, ભરવાની હોય તેવી ખાલી જગાના સંબંધમાં પસંદગી સમિતિને પુછાણ કરી શકશે.

(૨) પસંદગી સમિતિ, અપીલ ટ્રિબ્યુનલના સભ્યની પસંદગીના હેતુ માટે, જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતી હોય અને અપીલ ટ્રિબ્યુનલના સભ્ય તરીકેની નિમણૂક માટે વિચારણાર્થે યોગ્ય હોય તેવી વ્યક્તિઓના નામની પેનલની દરખાસ્ત કરવા માટે પસંદગી સમિતિને યોગ્ય જણાય તેવી વ્યક્તિઓની બનેલી શોધ સમિતિની નિમણૂક કરવા સહિત યોગ્ય જણાય તેવી કાર્યરીતિનું પાલન કરી શકશે.

(૩) પસંદગી સમિતિએ, દરેક ખાલી જગા માટે બે વ્યક્તિઓની પસંદગી કરવી જોઈશે અને સરકારને તેની ભલામણ કરવી જોઈશે.

(૪) પસંદગી સમિતિએ, પેટા-નિયમ (૧) હેઠળ કરેલા પુછાણની તારીખથી સાઠ દિવસની મુદતની અંદર, સરકારને પોતાની ભલામણ કરવી જોઈશે.

(૫) સરકારે, પસંદગી સમિતિની ભલામણની તારીખથી ત્રીસ દિવસની અંદર, સભ્યની ખાલી જગા માટે, પસંદગી સમિતિએ ભલામણ કરેલી બે વ્યક્તિઓમાંથી એક વ્યક્તિની નિમણૂક કરવી જોઈશે.

૫. **અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ અને સભ્યોને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને તેમની સેવાની બીજી બોલીઓ અને શરતો.-** (૧) અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ અને સભ્યોને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં નીચે મુજબ રહેશેઃ

(ક) અધ્યક્ષને, હાઈ કોર્ટના ન્યાયાધીશ તરીકે આવી વ્યક્તિએ છેલ્લે મેળવેલા પગારને સમકક્ષ માસિક પગાર ચૂકવવો જોઈશે.

(ખ) સભ્યને, અપીલ ટ્રિબ્યુનલના સભ્ય તરીકેની તેની નિમણૂક પહેલાં, આવી વ્યક્તિએ ધરાવેલી જગા પર છેલ્લે મેળવેલા પગારને સમકક્ષ માસિક પગાર ચૂકવવો જોઈશે.

(ગ) સરકારના કર્મચારી ન હોય તેવા દરેક સભ્યને, સરકારના સચિવને સમકક્ષ માસિક પગાર ચૂકવવો જોઈશે.

(૨) અધ્યક્ષ અને સભ્યો, સેવાના દરેક વર્ષ માટે, ત્રીસ દિવસની પ્રાપ્ત રજા મેળવવા માટે હકદાર રહેશે.

Scanned by CamScanner

(૩) અધ્યક્ષ અને સભ્યના બીજા ભથ્થાં અને સેવાની બીજી શરતો, સરકાર દ્વારા વખતોવખત જાહેર કરવામાં આવે તેવા રહેશે.

**૬. સત્તામંડળના અધ્યક્ષ અથવા સભ્ય અથવા અપીલ ટ્રિબ્યુનલની વિરુદ્ધના આરોપની તપાસ માટેની કાર્યપદ્ધતિ.–**

(૧) કલમ ૨૬ની પેટા–કલમ (૧)ના ખંડ (ઘ) અથવા ખંડ (ચ)માં નિર્દિષ્ટ કરેલા સંજોગો પૈકીના કોઇપણ સંજોગો બન્યા અંગે સરકાર વાકેફ થાય (ત્યારે) સત્તામંડળના અધ્યક્ષ અથવા સભ્યના કિસ્સામાં અથવા કલમ ૪૯ની પેટા–કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કરવામાં આવેલા અધ્યક્ષ અથવા અપીલ ટ્રિબ્યુનલના સભ્યના કિસ્સામાં, આ અંગે ફરિયાદ મળતાં અથવા યથાપ્રસંગ, આપ મેળે, સરકાર, નિયમનકારી સત્તામંડળ અથવા યથાપ્રસંગ અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ અથવા સભ્યની વિરુદ્ધ આવા આરોપોની બાબતમાં પ્રાથમિક ચકાસણી કરી શકશે.

(૨) પ્રારંભિક ચકાસણી કરતાં, સરકારને જરૂરી જણાય તેવા આરોપની બાબતમાં તપાસ કરવાનું જરૂરી છે તો, તે હાઇકોર્ટના જજ સમક્ષ, ફરિયાદ સાથે જે કોઇપણ સહાયક સામગ્રી (પુરાવા) પ્રાપ્ય હોય (તે) રજૂ કરી શકશે.

(૩) સરકાર –

(ક) સત્તામંડળ અથવા યથાપ્રસંગ અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ અથવા સભ્યની વિરુદ્ધના આરોપ (અંગે)ના નિવેદન; અને

(ખ) તપાસને સુસંગત મહત્વના દસ્તાવેજોની નકલો,

જજને મોકલી શકશે.

(૪) જજે, આ અર્થે નિર્દિષ્ટ કરવામાં આવે તેવી સમય મર્યાદાની અંદર, સત્તામંડળ અથવા યથાપ્રસંગ અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ અથવા સભ્યને આરોપના સંબંધમાં સુનાવણીની વાજબી તક આપવી જોઇશે.

(૫) જ્યાં તથાકથિત આરોપ (મૂકવામાં આવ્યો) હોય કે અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ હોય અથવા સભ્ય કોઇપણ શારીરિક અથવા માનસિક અસમર્થતાને કારણે તેની કાર્યક્ષમ રીતે પોતાના હોદ્દાની ફરજો બજાવવા માટે અસમર્થ છે અને એવા મૂકવામાં આવેલ આરોપનો અસ્વીકાર (ઇનકાર) કરે ત્યારે, જજ, અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ અથવા સભ્યના તબીબી તપાસ માટે વ્યવસ્થા કરી શકશે.

(૬) તપાસના પૂર્ણ થયા પછી, જજ પોતાને યોગ્ય લાગે તેમ અને કારણોને લગતાં પ્રત્યેક આરોપના વિષયવસ્તુ પોતાને યોગ્ય લાગે તેવી રીતે અલગ દર્શાવીને સમગ્ર કેસના આવા નિરીક્ષણોનો અહેવાલ સરકારને રજૂ કરી શકશે.

(૭) સરકાર, ત્યાર બાદ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર વિનિમય કરીને, સત્તામંડળ અથવા અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ અથવા સભ્યને દૂર કરવા અથવા દૂર નહી કરવા તે અંગે નિર્ણય કરશે.

**૭. અપીલ ટ્રિબ્યુનલના અધિકારીઓ અને અન્ય કર્મચારીઓને ચૂકવવાપાત્ર પગાર અને ભથ્થાં અને તેમની સેવાની બોલીઓ અને શરતો.–**

(૧) અપીલ ટ્રિબ્યુનલના અધિકારીઓ અને કર્મચારીઓની સેવાની શરતો અને અન્ય કક્ષાના કર્મચારીઓના પગાર, ભથ્થાં, રજા, હાજર થવાનો સમય, હાજર થવાની મુદતનો પગાર, નિવૃત્તિ વય અને સેવાની અન્ય શરતો તત્સમાન પગાર–ધોરણ ઉપાડતા સરકારના અધિકારીઓ અને

Scanned by CamScanner

કર્મચારીઓને વખતોવખત લાગુ પડતા હોય તેવા નિયમો અને વિનિયમો અનુસાર વિનિયમિત કરવી જોઇશે.

(૨) સરકારને અધિકારીઓ અથવા કર્મચારીઓ અથવા યથાપ્રસંગ પરામર્શી અને નિષ્ણાતો કોઈપણ વર્ગ અથવા કક્ષાના સંબંધમાં આ નિયમોની કોઈપણ જોગવાઇઓ હળવી કરવાની છૂટ રહેશે.

૮. **અપીલ ટ્રિબ્યુનલની વધારાની સત્તાઓ.–** અપીલ ટ્રિબ્યુનલ અર્થશાસ્ત્ર, વાણિજ્ય, નામાના મૂળતત્વ, રિઅલ એસ્ટેટ, સ્પર્ધા, બાંધકામ, સ્થાપત્ય અથવા ઈજનેરી ક્ષેત્રમાંથી અથવા જરૂરી ગણે તેવા કોઈ અન્ય વિદ્યાશાખાના ક્ષેત્રમાંથી એવા નિષ્ણાત અથવા પરામર્શી પોતાની સમકક્ષ, કોઈપણ તપાસ અથવા કાર્યવાહીના સંચાલનમાં અપીલ ટ્રિબ્યુનલની મદદ માટે બોલાવી શકશે.

૯. **અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષની વહીવટી સત્તાઓ.–** અપીલ ટ્રિબ્યુનલના અધ્યક્ષની વહીવટી સત્તાઓમાં નીચેના સંબંધમાં નિર્ણય લેવાનો સમાવેશ થશે.

(ક) કચેરીનું સંખ્યાબળ (કર્મચારીગણ), વેતન અને પગારના માળખાં, મળતર, અનુલાભ અને કર્મચારીઓ માટેની નીતિને લગતી બાબતો;

(ખ) જગા ઉભી કરવા અને તે નાબૂદ કરવાને લગતી બાબતો;

(ગ) તમામ જગાઓ માટે નિમણૂકો, બઢતી અને બહાલીને લગતી બાબતો;

(ઘ) કોઇપણ સભ્ય, અધિકારી અથવા કર્મચારીના રાજીનામાઓનો સ્વીકાર કરવો;

(ચ) મંજૂર થયેલ જગા સામે કાર્યકારી નિમણુંક;

(છ) કોઇ પણ સભ્ય, અધિકારી અથવા કર્મચારી ભારતની અંદર તેમજ ભારત બહાર પ્રવાસ (કરવા)ની ટૂરની અધિકૃતિ આપવી: અને તે (પ્રવાસ)ને માટે ભથ્થું મંજૂર કરાવવું.

(જ) તબીબી દાવાની ભરપાઇને સંબંધિત બાબતો;

(ઝ) રજા મંજૂર કરવા અથવા રદ કરવા સંબંધિત બાબતો;

(ટ) કચેરીના ઉપયોગ માટે વાહનો ભાડે કરવા માટે પરવાનગી;

(ઠ) ભારતમાં અથવા વિદેશમાં ચર્ચાસત્રો, પરિષદો (કોન્ફરન્સ) અને તાલીમ અભ્યાસક્રમોમાં હાજર રહેવા માટેની નામનિયુક્તિ;

(ડ) તાલીમ અભ્યાસક્રમો હાથ ધરવા અતિથિઓને નિમંત્રણ આપવા માટેની પરવાનગી;

(ણ) કર્મચારીવર્ગ કલ્યાણ ખર્ચને લગતી બાબતો;

(ત) સામાન્ય ઘસારાને લીધે વાપરી ન શકાય તેવી અથવા આર્થિક (રીતે) વિચારતાં વધારે સારી સ્થિતિમાં નથી તેવી મૂડી અસ્ક્યામતને ભંગારમાં કાઢવા અથવા માંડવાળ કરવા માટે મંજૂરી આપવી;

(થ) કોઇપણ સભ્ય, અધિકારી અથવા કર્મચારી વિરુદ્ધ શિસ્તના પગલાંને લગતી બાબતો;

Scanned by CamScanner

(૬) અપીલ ટ્રિબ્યુનલ કાર્યક્ષમ ફરજ બજાવવા માટે અને અધિનિયમની અને આ નિયમોની જોગવાઇના અમલ કરવા માટે જરૂરી હોય તેવી બીજી કોઇપણ સત્તાઓ.

**નમૂનો 'ક'**

**[જુઓ નિયમ ૩(૨)]**

**અપીલ ટ્રિબ્યુનલને અપીલ**

**અધિનિયમની કલમ ૪૪ હેઠળ અપીલ**

દરેક અપીલ અંગ્રેજીમાં કરવી જોઇશે અને તે (અપીલ) કોઇ અન્ય ભારતીય ભાષામાં હોય ત્યારે તેવા કિસ્સામાં (અપીલ)ની સાથે અંગ્રેજીમાં અનુવાદ કરેલી એક નકલ જોડવી જોઇશે અને (તે અપીલ) યોગ્ય અને સુવાચ્ય રીતે ટાઇપ કરેલી, લિથોગ્રાફ્ડ અથવા પ્રમાણભૂત અરજ પત્રકની એક બાજુએ અંદરના હાંસિયે ટોચ પર આશરે ચાર સેન્ટિમીટરની પહોળાઈએ અને ૨.૫ સેમી. જમણે હાંસિયે અને ૫ સેમી. ડાબા હાંસિયા સાથે ડબલ સ્પેસીંગ (બમણું અંતર)માં છાપેલી, યોગ્ય રીતે પૃષ્ઠને ક્રમાંક આપેલી, અનુક્રમણિકાવાળી અને પેપર બુકના સ્વરૂપમાં એકસાથે બાંધેલી (ટાંકેલી) હોવી જોઇશે.

અપીલ ટ્રિબ્યુનલની કચેરીના ઉપયોગ માટે:

ફાઇલ દાખલ કર્યાની તારીખ:

ટપાલથી મળ્યા તારીખ: ..................................................................

નોંધણી(રજિસ્ટ્રેશન) ક્રમાંક.: ..............................................

સહી: ..............................................

રજિસ્ટ્રાર: .......................................

**ગુજરાત સ્થાવર મિલકત અપીલ ટ્રિબ્યુનલ (જગ્યાનું નામ)**

વચ્ચે

....................................... અપીલ કરનાર(કરનારા)

અને

....................................... પ્રતિવાદી(પ્રતિવાદીઓ) અપીલની વિગતો :

૧. અપીલ કરનારાની વિગતો:

(૧) અપીલ કરનારનું નામ:

(૨) અપીલ કરનારની વર્તમાન કચેરી / રહેઠાણનું સરનામું:

(૩) તમામ નોટિસની બજવણી માટેનું સરનામું:

૨. પ્રતિવાદીઓની વિગતો: (૧) પ્રતિવાદીનું નામ (નામો):

(૨) પ્રતિવાદીની કચેરીનું સરનામું:

(૩) તમામ નોટિસની બજવણી માટેનું સરનામું:

Scanned by CamScanner

૩. અપીલ ટ્રિબ્યુનલની હકૂમત–

અપીલ કરનાર જાહેર કરે છે કે અપીલની વિષયવસ્તુ અપીલ ટ્રિબ્યુનલની હકૂમતની અંદર આવે છે.

૪. મુદત(મુદત મર્યાદા):

અપીલ કરનાર જાહેર કરે છે કે અપીલ કલમ ૪૪ની પેટા–કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલ મુદત(મર્યાદામાં કરેલ) છે

અથવા

અપીલ કરનારે મુદત પૂરી થયા બાદ અપીલ કરેલ હોય તો, કલમ ૪૪ની પેટા–કલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વિલંબ થવાના કારણો નિર્દિષ્ટ કરવા ....................................................

૫. કેસની હકીકતો:

નિયમનકારી સત્તામંડળ અથવા ન્યાયનિર્ણય આપનાર અધિકારીના અથવા યથાપ્રસંગ, અધિનિયમની કલમ (કલમો)............... હેઠળના નિર્દિષ્ટ હુકમની વિરુદ્ધમાં સંક્ષિપ્ત હકીકત અંગેનું નિવેદન અને અપીલ કરવા માટેના આધાર આપવા

૬. માંગેલ રાહત(રાહતો):

ઉપર્યુક્ત પરિચ્છેદ ૫–માં જણાવેલ હકીકતોની દ્રષ્ટિએ, અપીલ કરનારે નીચે પ્રમાણેની રાહત(રાહતો) માટે વિનંતી કરે છે ......................................................

[રાહત(રાહતો) માટેના આધારો અને જેની ઉપર આધાર રાખ્યો હોય તેવી કાયદાકીય જોગવાઈ ( કોઈ હોય તો, તે) નીચે નિર્દિષ્ટ કરવી]

૭. વચગાળાનો હુકમ, જો તે માટે વિનંતી કરેલ હોય તો:

અપીલનો અંતિમ નિર્ણય અનિર્ણિત હોય ત્યારે અપીલ કરનાર નીચેનો વચગાળાનો હુકમ કરવા જણાવી શકશે:

[અહીં વિનંતી કરેલ વચગાળાના હુકમનો પ્રકાર, કારણો સાથે જણાવવો.]

૮. કોઈ અન્ય કોર્ટમાં અનિર્ણત ન હોય તેવી બાબત, વગેરે.:

અપીલ કરનાર વધુમાં જાહેર કરે છે કે જેના સંબંધમાં આ અપીલ કરવામાં આવી છે તે બાબત, કાયદાની કોઈ કોર્ટ અથવા કોઈ સત્તામંડળ અથવા કોઈ અન્ય ટ્રિબ્યુનલ (ટ્રિબ્યુનલ્સ) સમક્ષ અનિર્ણિત નથી.

૯. નિયમ ૨૮ના પેટા–નિયમની (૧)ની ફીની બોલીઓ સંબંધી બેંક ડ્રાફ્ટની વિગતો:

(૧) રકમ

(૨) જેની ઉપર લખાયેલ હોય તે બેંકનું નામ

(૩) ડિમાન્ડ ડ્રાફ્ટ નંબર

૧૦. બિડાણોની યાદી:

(૧) જેની સામે અપીલ કરવામાં આવી હોય તે હુકમની એક પ્રમાણિત ખરી નકલ

(૨) અપીલ કરનારે જેના પર આધાર રાખ્યો હોય તે અને અપીલમાં ઉલ્લેખેલ દસ્તાવેજોની નકલો

Scanned by CamScanner

(૩) દસ્તાવેજોની સૂચિ

**ખરાઈ**

અપીલ કરનાર હું.......................(મોટા અક્ષરે નામ),.................... નો પુત્ર/પુત્રી, આથી, ખરાઈ કરું છું કે પરિચ્છેદ [૧થી ૧૦]માંની વિગતો મારી વ્યક્તિગત જાણ અને માન્યતા મુજબ સાચી છે અને મેં કોઈ મહત્વની હકીકત(હકીકતો) છુપાવી નથી.

સ્થળ:

તારીખ: અપીલ કરનાર(કરનારા)ની સહી

..........................................................................................................................

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**નીલા મુન્શી,**
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
હોદ્દાની રૂએ સંયુક્ત સચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Scanned by CamScanner